Improving lives for Coventry carers

# સંભાળ રાખનારા માટે માહિતી

## INFORMATION FOR CARERS

## તમે એક સંભાળ રાખનારા છો?

## ARE YOU A CARER?

કોવેન્ટ્રીમાં પરિવારની અંદર સંભાળ રાખનારાઓ (કેરર્સ)ની સંખ્યા ૩૨,૦૦૦થી વધુ છે. શું તમે તેમાનાં એક છો?

પારિવારીક કેરર્સ એ લોકો હોય છે જે, કોઇ પણ પગાર વગર, એવા પરિવારના સભ્યો, મિત્રો કે પડોશીઓની સંભાળ રાખતા હોય છે જેઓ એકલા પોતાની સંભાળી રાખી નથી શક્તા હોતા કારણકે તેઓ બિમાર, અસમર્થ (ડિસેબ્લ્ડ), માનસિક સ્વાસથ્ય વિષેની જરૂરિયાતોવાળા, કોઇ વસ્તુના બંધાણી હોય અથવા વૃધ્ધાવસ્થાના કારણસર.

ઘણા કેરર્સ એ પિછાનતા નથી કે તેઓ કેટલો મહત્વનો ભાગ ભજવે છે અને મોટે ભાગે ‘જરૂરત લાગતા મંડી પડે છે’ એવો વિચાર પણ કર્યા વગર કે પોતાને મદદ મળી શક્શે.

પરિવારના સભ્યો આ કાર્ય પોતાની ફરજ સમજીને કે લાગણીવશ કરતા હોય છે, પણ અમે, કેરર્સ ટ્રસ્ટ હાર્ટ ઓફ ઇંગલાન્ડ, એ જાણીએ છીએ કે તો પણ તે કામ આસાન નથી.

મદદ વગર, કોઇની સંભાળ રાખવી એ કેરર્સના જીવનમાં ઘણી નકારાત્મક અસર ઉપજાવી શકે, ખાસ કરીને, નાણાકિય નુકસાન, સમાજમાંથી છુટા પડી જવું અને બિમાર પડવું. આવું ના બને તે માટે અમારી સેવા તમારા માટે શક્ય તેટલી મદદ કરવાની ખાતરી આપે છે.

કેરર્સ ટ્રસ્ટ હાર્ટ ઓફ ઇંગલેન્ડની હસ્તી પારિવારિક કેરર્સ તેમજ તેઓ જેની સંભાળ રાખતા હોય તેમના જીવનમાં સુધારો કરવા માટે છે. કેરર્સની વ્યક્તિગત જરૂરિયાતોને પહોંચી વળવા માટે અમે એક વન સ્ટોપ શોપ (એક જ સ્થાને બધું મળી જાય) જ્યાં અમે કેરર્સને મળીએ છીએ અને તેમની મદદ કરીએ છીએ તેમને માહિતી, સ્લાહ અને મદદ તેમજ બહોળા પ્રકારની વ્યવહારૂ મદદ. 2015માં બે ખાસ સંસ્થાઓ જે કેરર્સને ટેકવી રહી હતી – કોવેન્ટ્રી કેરર્સ સેન્ટર અને ક્રોસરોડ્સ કેર, તે બન્નેનું એકીકરણ કરી કેરર્સ ટ્રસ્ટ હાર્ટ ઓફ ઇંગલેન્ડમાં ઉભું કરવામાં આવ્યું છે.

# અમે શું મદદ પુરી પાડીએ છીએ
## THE SUPPORT WE PROVIDE

અમે કેરર્સ માટે એક જ સ્થાને આ બધું પુરૂ પાડી શકીએ તેવી ‘વન સ્ટોપ શોપ’ છીએ જેમાં તમારી એક વ્યક્તિગત કેરર તરીકેની જે જરૂરિયાતો હોય તેને પહોંચી વળવા માહિતી, સલાહ અને મદદ જેમાં વ્યાવહારિક મદદનો પણ સમાવેશ થાય છે.

### પુખ્ત વયના લોકો માટે માહિતી, સલાહ અને મદદ સેવા
### (Adult Information, Advice and Support Services)

અમારી માહિતી, સલાહ અને મદદ સેવાઓ બધા કેરર્સ માટે ઉપલબ્ધ છે. અમારી પાસે ઘણી સામાજીક ભાષાઓ સહેલાઇથી બોલનારા છે જેમાં ઉર્દુ, હિન્દી, પંજાબી, ગુજરાતી, કેન્ટોનીઝ અને ફ્રેન્ચનો સમાવેશ થાય છે.

અમારી પાસે ખાસિયત ધરાવતા કાર્યકરો પણ છે જેઓ માનસિક સ્વાસથ્યની જરૂરિયાતોવાળાના કેરર્સને, ચાઇનીઝ કેરર્સને અને કાળા, એશિયાઇ અને લઘુમતિ કોમના તેમજ શીખી શકવાની અસમર્થતાવાળાને મદદ કરી શકે.

અમારી **મફત** અને **ખાનગી** વ્યક્તિગત મદદ સેવામાં નીચે જણાવેલ બાબવોનો સમાવેશ થાય છેઃ

- ✓ વાત સાંભળનાર – તમારી પરિસ્થિતી વિષે તમારા દ્રષ્ટિકોણથી જોવા તાલીમ પામેલા કાર્યકરો સાથે વાતચીત કરવાનો મોકો જેથી તમારૂં સંભાળ કાર્ય ચાલુ કેવી રીતે રાખી શકાય તે માટેના ઉપાયો શોધી શકાય.
- ✓ વકીલાત - તમે જે સેવાઓના અધિકારી હોય તે બધી સેવા તમને મળે છે તેની ખાતરી માટે.
- ✓ કેરર્સની આકારણી (અસેસમેન્ટ) - જે કેરર્સ દરખાસ્ત કરે તેના માટેનો સ્વીકૃત અધિકાર છે અસેસમેન્ટ માટેનો જેમાં એ તપાસવામાં આવે છે કે તમે જે સંભાળ પુરી પાડી રહ્યા છો તેનો તમારા પોતાના કલ્યાણ પર, તેમજ તમારા જીવનની બીજી મહત્વની બાબતો પર અને રોજ તમે રાબેતા મુજબ જે કરવા ઇચ્છતા હોય તેના પર કેવો પ્રભાવ પડે છે. તેઓ બીજી પણ મહત્વની બાબતો ધ્યાનમાં લે છે, જેવી કે તમે સંભાળ કાર્ય ચાલુ રાખી શકશો કે ચાલુ રાખવા તૈયાર છો, કે તમે નોકરી કરો છો કે નોકરી કરવી છે, અને તમારે આગળ ભણવું છે કે વધુ સામાજીક કાર્યો કરવા છે. આ અસેસમેન્ટ કરવાથી તમને શું મદદની જરૂર છે તે જાણવામાં આવશે અને તેને કેવી રીતે પુરી પાડવી તેની યોજના ઘડવામાં આવશે.
- ✓ લોકલ પેન્શન સર્વિસ સાથે સંપર્ક, જેઓ ૬૦થી વધુ ઉંમરનાઓને તેઓ જે બેનિફિટના અધિકારી હોય તે મેળવવામાં મદદ કરી શકે.

- ✓ સમાજના એક સંભાળ માટેના વકીલ - કમ્યુનિટી કેર લોયર જે દર મહિને મુલાકાત (સર્જરી) આપે છે.

અમે નીચે જણાવેલ સેવા પણ પુરૂ પાડીએ છીએઃ

- ✓ કોવેન્ટ્રી સિટી કાઉન્સિલનું પાસપોર્ટ ટુ લેઝર એન્ડ લર્નીંગ મેળવવું – અમારી સાથે જે કેરર્સ રજીસ્ટર થયા હોય તેઓ માટે આ ઉપલબ્ધ છે, ભલે તેમની નાણાકિય પરિસ્થિતિ ગમે તે હોય.
- ✓ સપોર્ટ ગ્રુપ્સ (અરસપરસ ટેકો આપતું જુથ) તમને બીજા કેરર્સના સંપર્કમાં આવવાની મદદ કરે જેથી તમે તમારા અનુભવોની આપલે કરી શકો અને તમારા જેવી પરિસ્થિતીવાળા બીજા લોકો સાથે મૈત્રી કરી શકો. અમારી પાસે એક ગ્રુપ છે જે બધા કેરર્સ માટે ખુલ્લુ છે તેમજ માનસિક સ્વાસથ્ય વિષેની જરૂરિયાતોવાળા લોકોના કેરર્સ, દક્ષિણ (સાઉથ) એશિયાઇ કેરર્સ, ચાઇનીઝ કેરર્સ, કાળા, એશિયાઇ અને લઘુમતિ કોમના શીખી શકવા માટેની અસમર્થતાવાળા લોકોના કેરર્સ, એએસડી/એડીએચડીવાળા લોકોના કેરર્સ અને અગાઉ જેઓ કેરર્સ રહ્યા હોય તેઓ માટે ખાસિયત ધરાવતા ગ્રુપ્સ.
- ✓ ચાલવાવાળાનું વોકર્સ ગ્રુપ – કોવેન્ટ્રીભરમાં નિયમિતપણે વોક લેવા જવા માટેનું ગોઠવવામાં આવે છે
- ✓ ઓછા ભાવે ઉપચાર (થેરાપી) – અમે અમુક સંખ્યાના પ્રોફેશનલ થેરાપિસ્ટ સાથે કામ કરીએ છીએ જેઓ કેરર્સ માટે તેમની સેવા ડિસ્કાઉન્ટ ભાવે પુરી પાડે છે.
- ✓ કાઉન્સેલીંગ (વાતચીત દ્વારા ઉપચાર) – સ્થાનિક કોલેજો સાથેના અમારા જોડાણ મારફત આપવામાં આવતી એક સેવા
- ✓ સામાજીક પ્રવૃઅત્તિઓ – પ્રસંગોનો એક કાર્યક્રમ જેવા કે થિયેટર જવું અને જેમાં રસ હોય તેવી જગ્યાઓમાં ફરવા જવું
- ✓ દર મહીને બેવાર સાથે જમણવાર (લંચન ક્લબ)
- ✓ નિયમિતપને કેરર્સ વિષેની સેવાઓને લગતી માહિતી અને તેમાં થતા વિકાસને લગતા ઓનલાઇન સમાચાર તેમજ એસએમએસ ટેક્સ્ટ
- ✓ કેરર્સ માટે લાયબ્રેરી – વિવિધ ચોપડીઓ, વિડિયોસ, સીડીઓ અને ડીવીડી જે થોડા સમય માટે મફત લોનમાં આપવામાં આવે છે

કોવેન્ટ્રી સેન્ટ્રલ લાયબ્રેરીમાં આવેલ કેરર્સ સેન્ટરમાં વિવિધ પ્રકારની માહિતી ઉપલબ્ધ છે, જેમાં નીચે મુજબનો સમાવેશ થાય છેઃ

- વેલફેર બેનિફિટ્સ – વધુ લાગુ પડતી બેનિફિટ વિષે માહિતી અને ક્લેમ ફોર્મ્સ. અમે કેરેર્સ એલાઉન્સ માટેના ફોર્મ ભરવામાં મદદ કરી શકીએ છીએ; બીજી બધી બેનિફિટ માટે, અમે લગતી એજન્સીને ભલામણ કરશું.
- કાનુની, સ્વૈચ્છિક અને ખાનગી ક્ષેત્રોમાં ઉપલબ્ધ સ્થાનિક સેવાઓ
- તમને કદાચ મદદરૂપ થઈ શકે તેવી બીજી મદદ અને/અથવા સલાહ આપનારી એજન્સીઓ
- સ્થાનિક કે રાષ્ટ્રિય સંસ્થાઓ જે અમુક બિમારીઓ/અસમર્થતાઓ/તકલીફો માટે ખાસિયત ધરાવતી હોય
- સાધન – શું ઉપલબ્ધ છે અને તે ક્યાંથી મેળવવું
- કેરર્સ માટે રજા પર જવું તેઓ જે વ્યક્તીની સંભાળ રાખતા હોય તેની સાથે અથવા તેના વગર
- તાલિમ માટેની અને નવરાશના સમય માટેની તકો

## બાળ કેરર્સ અને યુવાન કેરર્સ માટે સેવાઓ

**(Services for Young Carers and Young Adult Carers)**

અમારી પાસે એક ખાસિયત ધરાવતી સેવા છે 5 – 18 વરસની વયના બાળ કેરર્સ તેમજ 16 – 25 વયના યુવાન કેરર્સની જરૂરીયાતોમાં મદદ કરવા માટે.

બાળ કેરર્સને અને તેમની ફેમેલીની મદદ કરવા અમારા યંગ (યુવાન) કેરર્સના ફેમેલી સપોર્ટ વર્કર વ્યક્તિગતપણે ટેકો પુરો પાડે છે, જેથી એ જોઇ કે પુરી ફેમેલીને કેવી મદદ આપવાથી બાળ કેરર્સને ફાયદો થઇ શકે..

અમારા યંગ કેરર્સ એડ્યુકેશન વર્કર (ભણતરને લગતા કાર્યકર) પ્રાયમરી સ્કુલ (પ્રાથમિક શાળા)ઓ સાથે કામ કરે છે એ ખાતરી કરવા માટે કે બાળ કેરર્સને તેમના સંભાળ કાર્યની શરૂઆતમાંથી જ મદદરૂપ થઇ શકે તેવી પદ્ધતિઓ સ્થાપવામાં આવે છે.

મેથડીસ્ટ સેન્ટ્રલ હોલમાં આવેલું યંગ કેરર્સ માટેનું સેન્ટર ધ ડેન, જે **બાળકો અને યુવા લોકો** માટે જ સમર્પિત ક્લબ છે ત્યાં અમે બહોળા પ્રકારની ઉંમરને લગતી પ્રવૃત્તિઓ પુરી પાડીએ છીએ. આ પ્રવૃત્તિઓમાં ચિત્રકામ અને કલા (આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ)થી માંડીને રમતગમત, રસોઇ, સંગીત તેમજ બીજી યુથ ક્લબને લગતી યોગ્ય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

16-25 વરસના યંગ એડલ્ટ (યુવાન) કેરર્સને મદદ કરનારા ખાસિયત ધરાવતા કાર્યકર એવો હેતુ રાખે છે કે જ્યારે યુવાન કેરર્સ બાળકમાંથી પુખ્તવયના બને તે સમય દરમિયાન તેઓને કોઇ નુકસાન ના થાય તેની ખાતરી રહે અને આ સમય જે તેમના જીવનનો ઘણો મુશ્કેલ સમય બની શકે ત્યારે મદદ ચાલુ રહે.

# વ્યવહારૂ મદદ આપતી સેવા

**(Practical Support Services)**

દરેક વ્યક્તિને સશક્ત બનાવવા ઉચ્ચ કક્ષાની નીજી સંભાળ તેમજ મદદ સેવા પુરી પાડવા માટે અમે વચનબદ્ધ છીએ.

અમે જાણીએ છીએ કે તમારા માટે એ મહત્વનું છે કે જે સેવાઓ પુરી પાડવામાં આવે છે તેમાં તમને પસંદગી તેમજ નિયંત્રણ મળે અને સારી ગુણવત્તા ધરાવનરી છે તેની ખાતરી કરી શકાય. અમારા તાલિમ પામેલા, કટિબદ્ધ અને ડીબીએસ (ડિસ્ક્લોઝર એન્ડ બારીંગ – પોતે કરેલ કોઇ નોંધેલ ગુના વિષે અને પ્રતિબંધ વિષે જાણકારી આપતું પત્રક)ની તપાસ કરેલા સ્ટાફ સાથે તમે <u>નિશ્ચિંત</u> રહેશો કે તમે અથવા જે વ્યક્તિની તમે સંભાળ રાખી રહ્યા છો તે સલામત છે.

એક ચેરેટી તરીકે અમે અમુક સેવાઓ મફત પુરી પાડી શકીએ છીએ પણ તે અમે કેટલો ફાળો એક્ઠો કરી શકીએ તેના પર મર્યાદિત હોય છે. તેનો ખરચ ડાયરેક્ટ પેમેન્ટ્સ મારફત પણ થઇ શકે (જો તમે સીટી કાઉન્સિલના યોગ્યતાના માપદંડ હેઠળ આવો તો) અથવા જાતે ખરચ ઉપાડતા હોય તો. અમુક સેવાઓ સિટી કાઉન્સિલ દ્વારા ભરવામાં આવતી હોય છે અથવા તો ક્લિનીકલ કમીશનિ ગ્રુપ મારફત.

અમારા વ્યવહારૂ મદદ સેવાઓમાં નીચે મુજબનો સમાવેશ થાય છેઃ

- ✓ રેસ્પાઇટ કેર (આરામ-દે સંભાળ) અને કોઇના મિત્ર બની મદદ કરવી (બિફ્રેન્ડંગ)
- ✓ નીજી સંભાળ
- ✓ નહાવું, કપડા બદલવા અને પહેરવા
- ✓ હાલવા-ચાલવામાં મદદ
- ✓ રસોઇ તૈયાર કરવામાં અને/અથવા જમવામાં મદદ
- ✓ દવા લેવામાં મદદ
- ✓ સેવાઓ પુરી પાડતા સામાજીક સ્થળોમાં તેમજ પ્રવૃત્તિઓમાં પ્રવેશ મેળવવામાં મદદ
- ✓ શોપિંગ અથવા શોપિંગ કરવા માટે મદદ
- ✓ તબિબિ કે બીજી કોઇ એપોઇન્ટમેન્ટમાં હાજરી આપવા માટેની મદદ
- ✓ ઘરેલું કામકાજ

## ખાસિયત ધરાવતી વ્યવહારૂ મદદ સેવા

**(Specialist Practical Support Services)**

અમારી પાસે વિવિધ ખાસિયત ધરાવતી વ્યવહારૂ મદદ સેવાઓ છે જેમાં નીચે મુજબનો સમાવેશ થાય છેઃ

- ✓ ડિમેન્શિયા (યાદશક્તિને અસર કરતી મગજમાં થતી બિમારી) અને અલ્ઝાઇમર્સવાળા લોકોની સંભાળ
- ✓ સ્ટ્રોક (પક્ષાઘાત) થયો હોય તેમની પુનઃસ્થિતિ (રિહાબિલિટેશન)
- ✓ શીખી શકવાની સમસ્યાઓવાળા લોકો માટે મદદ
- ✓ અસમર્થ (ડિસેબલ્ડ) બાળકો માટે મદદ
- ✓ હોસ્પીટલમાંથી ઘરે આવેલા હોય તેમની સંભાળ
- ✓ જીવન અંતેની દર્દશામક સંભાળ
- ✓ પેટ વાટે નળી મારફત ખોરાક અપાતો હોય તેને (ગેસ્ટ્રોસ્ટોમી)
- ✓ પેશાબની નળી તેમજ પેટની બહાર કોથળીની સંભાળ (કેથિટર એન્ડ સ્ટોમા બેગ્સ)

## કેરર્સ રિસ્પોન્સ ઇમર્જન્સી સર્વિસ (ક્રેસ)– તત્કાલ જવાબ દેનારી સેવા

**(Carer’s Response Emergency Service (CRESS)**

ઘણા કેરર્સ એ બાબત વિષે ચિંતિત હોય છે કે જો તેઓ કોઇ તત્કાલ પરિસ્થિતિમાં પડી જાય, ઓચિંતા બિમાર પડે કે કોઇ બીજા કારણસર તેઓ જે વ્યક્તિની સંભાળ રાખતા હોય તે રાખી ના શકે તો શું થશે.

ક્રેસ એક **મફત** સેવા છે જે કટોકટી સમયે તમારા મનને નિરાંત આપે છે. તે એ વાતની ખાતરી આપે છે કે એક યોજના ઘડેલ હોય જેથી કરીને તમને કંઇ પણ થાય તો તમે જે વ્યક્તિની સંભાળ રાખતા હોય તેની સંભાળ ચાલુ રહે.

જો જરૂરી હોય, તો અમે અમારા એક સ્ટાફના સભ્યને તમે જે વ્યક્તિની સંભાળ રાખતા હોય તેની 72 કલાક સુધી સંભાળ પુરી પાડવાની ગોઠવણ કરી શકીએ જ્યાં સુધી બીજી વ્યવસ્થા તૈયાર થઇ શકે.

# કેરરની તાલિમ (ટ્રેનિંગ)

**(Carer Training)**

અમારી **મફત** કેરર ટ્રેનિંગ સેવા એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે તમારો આત્મવિશ્વાસ અને મુખ્ય કુશળતાઓ પુરી પાડી તમારા સંભાળકાર્યમાં મદદરૂપ થાય.

- ✓ 6 અઠવાડિયાની ઉચ્ચ કક્ષાની કેરર ગ્રુપ ટ્રેનિંગ માટેનો કોર્સ, જેમાં નીચે મુજબનો સમાવેશ થાય છેઃ
  - o તનાવ સાથે નિભાવવું (સ્ટ્રેસ મેનેજમેન્ટ) અને તમારી પોતાની સંભાળ રાખવામાં મદદ
  - o મદદ કેવી રીતે મેળવવી
  - o પ્રાથમિક મદદ (ફર્સ્ટ એઇડ)
  - o હાલ-ચાલ કરવી અને વસ્તુ ખસેડવી-ઉપાડવી
  - o સંભાળની જરૂરિયતવાળા લોકો સાથે વાતચીત વ્યવહાર
  - o ડિમેન્શિયાને સમજવું
- ✓ તમારા પોતાના ઘરમાં રૂબરૂ એક વ્યક્તિ માટે વ્યવહારૂ ટ્રેનિંગ
- ✓ હોપ (હેલ્પીંગ ટુ ઓવરકમ પોબ્લેમ્સ ઇફેક્ટીવલી -સમસ્યાઓને અસરકારક રીતે પહોંચી વળવામાં મદદ) – એ 6 અઠવાડિયાની ટ્રેનિંગ કોર્સ છે એવા કેરર્સ માટે જેઓ ઓટિસ્ટિક સ્પેક્ટ્રમ ડિસોર્ડર અને અટેન્શન ડીફીસિટ હાઇપરએક્ટિવીટી ડિસોર્ડરવાળા લોકોની સંભાળ રાખતા હોય

તે ઉપરાંત, કેરર્સ માટે ઉપલબ્ધ બધી ટ્રેનિંગ માટેની તકો વિષે અમે સંશોધન કરી એકઠી કરીએ – આ વિષે વધુ વિગતો આ વેબસાઇટ પરથી મળી શકશે http://www.carerstrusthofe.org.uk/events

# સ્ટાર્સ ક્લબ્સ

**(STARS Clubs)**

અમારી ટુ સ્ટાર્સ ક્લબ્સ વિવિધ ડિસેબિલિટીવાળા બાળકો અને યુવાન લોકો માટે ખુલ્લા છે. તે ઉંમરને યોગ્ય વિવિધ પ્રવૃત્તિઓ પુરી પાડે છે જેમાં રમત દ્વારા ઉપચાર, ખેલકુદ (સ્પોર્ટ્સ) અને ફરવા જવાનો સમાવેશ થાય છે.

તે એક સુરક્ષિત અને સલામત વાતાવરણ પુરૂ પાડે છે, તાલિમ પામેલા સ્ટાફ મારફત સંભાળવામાં આવે છે, જ્યાં માબાપો કોઇ પણ ચિંતા વગર તેમના બાળકોને રાખી અને પોતા માટે લાયક જરૂરી આરામ લઇ શકે છે.

# અમારો સંપર્ક કેવી રીતે કરવો
## (HOW TO CONTACT US)

## માહિતી, સલાહ અને મદદકર્તી સેવાઓ
**(Information, Advice and Support Services)**

અમારી એક જ વ્યકતિ સાથેની રૂબરૂ માહિતી, સલાહ અને મદદકર્તી સેવાઓ ઘણી જુદી જુદી રીતે મેળવી શકાય છેઃ

✓ કેરર્સ સેન્ટર જે સેન્ટ્રલ લાયબ્રેરી, સ્મિથફર્ડ વે, કોવેન્ટ્રીમાં છે ત્યાં આવી અમને મળો અથવા મળવા માટેની એપોઇન્ટમેન્ટ ગોઠવો - Carers' Centre in Coventry Central Library, Smithford Way, Coventry CV1 1FY.

સેન્ટર સોમવારથી શુક્રવાર સવારના નવથી સાંજે પાંચ (9.00am to 5.00pm) વાગ્યા સુધી ખુલ્લું હોય છે.

સોમવારે, બુધવારે, ગુરૂવારે અને શુક્રવારે સવારના સાડા નવથી બપોરના એક (9.30am and 1.00pm) વાગ્યા સુધી માહિતી, સલાહ અને સપોર્ટ વર્કર્સ (કાર્યકરો) ઉપલબ્ધ હોય છે જે એપોઇન્ટમેન્ટ વગર ઉંડી માહિતી, સ્લાહ અને મદદ આપશે.

આ સમયની બહાર એપોઇન્ટમેન્ટ બનાવી શકાય અને મર્યાદિત સંખ્યામાં ઘરે મુલાકાત પણ મળી શકશે.

✓ ટેલિફોન મદદલાઇન - 024 7610 1040 – ઓપ્શન 3 કહેવું

સોમવારથી શુક્રવારે સવારે સાડા આઠથી બપોરના સાડા ચાર (8.30am and 4.30pm) વાગ્યા સુધી, અને શનિવારે સવારના દશથી બપોરના બે (10.00am to 2.00pm).

આ સમયની બહાર એક આન્સર ફોન ચાલુ રહેશે અને તમને કામના બીજા દિવસ સુધીમાં જવાબ આપવાનો અમે હેતુ રાખીએ છીએ.

✓ અન્ય સ્થળોમાં નિયમિતપણે આઉટરીચ કેરર ક્લીનિક ઘણી જીપીની સર્જરીમાં, કેલુડન સેન્ટરમાં અને યુનિવર્સીટી હોસ્પીટલમાં ઉપલબ્ધ છે – વિગતો માટે અમારો સંપર્ક કરવા કૃપા કરશો.

✓ એક સ્કાઇપ પર આધારિત સેવા 'કોવેન્ટ્રીકેરર્સ' ('coventrycarers') પર ઉપલબ્ધ છે અને અમે સ્કાઇપ પર એપોઇન્ટમેન્ટ ગોઠવી શકીએ.

અમારો સંપર્ક કરવાની બીજી રીતો અહિં જણાવેલ છેઃ

| | |
|---|---|
| ઈમેલઃ | contactus@carerstrusthofe.org.uk |
| વેબસાઇટઃ | www.carerstrusthofe.org.uk |
| ફેસબુકઃ | Coventry Carers Centre |
| ફેક્સઃ | 024 7683 7082 |

## વ્યવહારૂ મદદ સેવાઓ (પ્રેક્ટીકલ સપોર્ટ સર્વિસિસ)

**(Practical Support Services)**

કેરર્સ માટે અને જે લોકોની તેઓ સંભાળ રાખતા હોય તેમના માટે અમે વ્યવહારૂ મદદ સેવા પુરી પાડીએ છીએ, અહિં જણાવેલ સ્થાનોમાંઃ

- બેડવર્થ
- કોવેન્ટ્રી
- નનીટન
- રગબી ડિસ્ટ્રીક્ટ

સંપર્ક કરવા માટેનો ટેલિફોન નંબર આ છે - 024 7610 1040 – ઓપ્શન 1 કહેવું. સંપર્ક કરવા માટેની બીજી રીતો અહિં જણાવેલ છેઃ

ઇમેલઃ info@carerstrusthofe.org.uk

વેબસાઇટઃ www.carerstrusthofe.org.uk

ફેસબુકઃ crossroadscw

ટ્વીટરઃ crossroads_cw

# ટીકા-ટીપ્પણી, વખાણ અને ફરિયાદો

## (COMMENTS, COMPLIMENTS AND COMPLAINTS)

પારિવારીક કેરર્સ માટે અને તેઓ જેની સંભાળ રાખતા હોય તેમના માટે એક ઉચ્ચ કક્ષાની સેવા પુરી પાડવાનો અમારો હેતુ છે.

આ પ્રમાણે અમે કરી શકીએ તેમાં મદદ કરવા માટે અમે અમારી સેવા વિષે ટીકા-ટિપ્પણી (સારી અને નરસી બન્નેની) અમે કિંમત તેમજ તેનું પ્રોત્સાહન કરીએ છીએ કારણ કે તમારી જરૂરિયાતોને પહોંચી વળવા માટે અમે સેવાઓને સુધારવા તેમજ તેનો વિકાસ કરવાની ઇચ્છા રાખીએ છીએ.

જો તમારે કોઇ પણ ટીકા-ટીપ્પણી, વખાણ કે ફરિયાદ કરવી હોય, તો કૃપા કરી સ્ટાફના કોઇ પણ એક સભ્યને પુછશો. તે માટે આવેલા બધા ફોર્મ્સ અમારા ચીફ એગ્ઝેક્યુટીવ વાંચે છે અને જરૂર જણાય તો તે વિષેની તપાસ પણ કરાવે છે.